


# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
## કૃષિ ઉદય...

અંક : ૨ ખંડ : ૧ જાન્યુઆરી ૨૦૧૬

અધ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા


વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## સરકારે ડુંગળીના લઘુત્તમ નિકાસ ભાવ નાબૂદ કર્યા

સરકારે આગામી ખરીફ અને મોડી ખરીફ ડુંગળીના ભાવોની અસમાનતા અટકાવવા અને વેપારીઓને ડુંગળીની નિકાસ કરવા માટે પ્રોત્સાહન મળે તે હેતુથી સરકારે ડુંગળીના લઘુત્તમ નિકાસ ભાવને (MEP) નાબૂદ કર્યા છે.




સરકારે સૌ પ્રથમ મે-૨૦૧૫ માં ડુંગળીના લઘુત્તમ નિકાસ ભાવ (MEP) $ ૨૫૦ પ્રતિ ટન જેટલા નક્કી કર્યા હતા. ડુંગળીની નિકાસ અંકુશીત કરવા અને ડુંગળીનો સ્થાનિક પુરવઠો વધારવા માટે જૂન-૨૦૧૫ માં ડુંગળીના લઘુત્તમ નિકાસ ભાવ (MEP) $ ૪૨૫ પ્રતિ ટન જેટલા વધારવામાં આવ્યા હતા. તેમ છતાં ભાવો સતત વધતા ગયા હતા. નાસિકમાં લાસલગાંવ બજારમાં ઓગષ્ટમહિનામાં ડુંગળીના જથ્થાબંધ ભાવો પ્રતિ કિલો ₹ ૪૪-૪૫ જેટલા ઉંચા થઇ ગયા હતા. તેથી સરકારે ફરીથી ડુંગળીનો લઘુત્તમ નિકાસ ભાવ (MEP) વધારીને $ ૭૦૦ પ્રતિ ટન જેટલો કર્યો હતો. ત્યાર બાદ ડુંગળીના ભાવો માત્ર વધતા અટકી ગયા ન હતા અને આંતરરાષ્ટ્રીય બજારમાં ડુંગળીના ભાવ પ્રતિ ટન $ ૪૦૦-૪૫૦ જેટલા થઇ જવાથી ડુંગળીની નિકાસમાં પણ અટકાવ આવ્યો હતો.

સરકારે ડુંગળીના જથ્થાબંધ વેપારીના ગોડાઉનમાં દરોડા પાડી અને ડુંગળીની આયાતો જેવા અન્ય પગલાંઓ ભર્યા જેના કારણે નવેમ્બરથી જ ડુંગળીના ભાવોમાં ઘટાડો જોવા મળ્યો હતો. ડિસેમ્બર મહિનામાં ડુંગળીના લઘુત્તમ નિકાસ ભાવ (MEP) ઘટીને $ ૪૦૦ પ્રતિ ટન જેટલો થઇ ગયો હતો. વ્યાપારના સ્ત્રોત મુજબ વિદેશ બજારમાં હાલમાં ડુંગળીના ભાવ $ ૨૨૫-૨૫૦ પ્રતિ ટન થઇ ગયા છે. ભારત દર વર્ષે લગભગ ૧.૫ મીલીયન ટન ડુંગળીની નિકાસ કરે છે.

રાષ્ટ્રીય બાગાયતી અનુસંધાન અને વિકાસ ફેડરેશનના (NHRDF) નિયામકશ્રી આર પી ગુપ્તાએ જણાવ્યું હતુ કે સરકારે બમ્પર ઉત્પાદનની પરિસ્થિતિને પહોંચી વળવા માટે વેપારીઓની સાથે એક બેઠક કરી હતી. અત્યારે એવી ધારણા કરવામાં આવે છે કે ખરીફ ઋતુ અને લેટ ખરીફ ઋતુના ડુંગળીના ઉત્પાદનનો પુરવઠો બજારમાં આવશે તો તેના ભાવોમાં જબરદસ્ત ઘટાડો થવાની પરિસ્થિતી ઉભી થશે જેથી સરકારે નીચી કિંમતે લઘુત્તમ નિકાસ ભાવ (MEP) કરવા ફરજિયાત બનશે.

ચોમાસામાં વરસાદ ખેંચાવાના કારણે ડુંગળીનું વાવેતર અને રોપણી મોડી શરૂ થઇ હતી.વધુમા શ્રી ગુપ્તાએ જણાવ્યુ હતું કે તેથી, હવે ડુંગળીની કાપણી/લણણીમાં પણ લગભગ એક મહિના જેટલો વિલંબ થશે. લેટ ખરીફ ઋતુનો ડુંગળીનો પાક સમયસર થશે. આમ, એક સાથે બજારમાં પુરવઠો આવવાથી તેના ભાવો નીચા જશે.

## સરકાર દ્વારા જાન્યુઆરી–૨૦૧૬ માં નવી પાક વીમા યોજનાની શરુઆત



સરકાર વિત્તીય વર્ષ ૨૦૧૬-૧૭ માં નવી પાક વીમા યોજનાની શરૂઆત કરશે કે જેમાં ખેડૂતો પર પ્રીમિયમનો બોજો ૩ ટકાથી નીચે રહેશે. સરકાર ખેડૂતોને નવા વર્ષની ભેટના સ્વરૂપમાં જાન્યુઆરી મહિનામાં એક નવી પાક વીમા યોજના જાહેર કરશે. હાલમાં, કેટલાંક રાજ્યોમાં વીમા પ્રીમિયમના દરો લગભગ ૪૦ ટકા જેટલાં ઉંચા છે. આ નવી વીમા યોજના હેઠળ પ્રીમિયમના દરો નોંધપાત્ર રીતે નીચે લાવવામાં આવશે.

સરકાર આ જે નવી પાક વીમા યોજના દાખલ કરવા જઇ રહી છે તે વિજ્ઞાન આધારિત નવી ટેકનોલોજી ઉપર આધાર રાખશે અને તે પટવારી પદ્ધતિથી સંપૂર્ણ મુક્ત હશે. આ યોજના પાકના નુકશાનની આકારણી અને વીમાના દાવાઓની પતાવટ વહેલામાં વહેલી તકે કરવા ડ્રોન જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરશે.

એક કેબિનેટ નોંધમાં, કૃષિ મંત્રાલયે એવી દરખાસ્ત મૂકી છે કે ખેડૂતો દ્વારા ૩ ટકા પ્રીમિયમ દર ચૂકવવામાં આવશે. વર્તમાનમાં પ્રવર્તમાન યોજના MNAIS (સંશોધિત રાષ્ટ્રીય પાક વીમા યોજના) ની માફક નહિ પરંતુ આપત્તિજનક અને સંવેદનશીલ વિસ્તારોમાં ખેડૂતોના લાભ માટે કોઇપણ જાતની કેપ વિનાના પ્રીમિયમની ભલામણ મંત્રાલયે કરી છે.

### પ્રીમિયમ ખર્ચ

હાલની પાક વીમા યોજના,NAIS (રાષ્ટ્રીય પાક વીમા યોજના) અને MNAIS હેઠળ નિયત કુલ પ્રીમિયમ પૈકી ખેડૂતો અનુક્રમે ૩.૫ થી ૮ ટકા પ્રીમિયમની ચૂકવણી વીમા કંપનીને કરે છે અને બાકી પ્રીમિયમની રકમનો બોજો સરકાર ઉઠાવે છે. સરેરાશ રીતે વીમા કંપનીઓ પાક માટે એકંદરે ૧ ટકા થી ૨૦ ટકા વચ્ચે પ્રીમિયમ વસુલ કરે છે.

સૌથી વધુ સંવેદનશીલ વિસ્તારોમાં ખરીફ પાક માટે MNAIS હેઠળ ૧૩ ટકા પ્રીમિયમની કેપ જ્યારે રવી પાક માટે તે ૧૧ ટકા છે.

સરકારી આંકડાઓ અનુસાર કુલ કૃષિ હેઠળની જમીનના લગભગ ૨૦ ટકા જમીન (૪૦.૨૭ મિલિયન હેક્ટર) પ્રવર્તમાન વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવી છે.

પ્રવર્તમાન વીમા યોજના હેઠળ રાજસ્થાન સૌથી વધુ પાક વીમા હેઠળ વિસ્તાર ધરાવે છે ત્યાર બાદ ક્રમસહ બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને આન્ધ્ર પ્રદેશ જેવા રાજ્યો વિસ્તાર ધરાવે છે. વીમા યોજના હેઠળ મુખ્ય પાકોમાં તેલીબિયાં, ચોખા, ઘઉં, કઠોળ અને બરછટ અનાજને આવરેલ છે.

NAIS, MNAIS અને હવામાન આધારિત પાક વીમા યોજના એમ ત્રણ પાક વીમા યોજનાઓ હાલમાં પ્રવર્તમાન છે.

# ખેડૂતો માટે બે મોબાઈલ એપ્સ

કેન્દ્રીય કૃષિ અને ખેડૂતોના કલ્યાણ મંત્રીશ્રી રાધા મોહન સિંઘે ખેડૂતો માટે બે મોબાઇલ એપ્સની શરૂઆત કરી છે. મોબાઇલ એપ્લિકેશન **"પાક વીમો"** ખેડૂતોને તેમના વિસ્તારમાં ઉપલબ્ધ વીમા વિસ્તાર વિશે સંપૂર્ણ માહિતી મેળવવા માટે મદદ તો કરશે જ પરંતુ તે ઉપરાંત સૂચિત પાક માટે વીમા પ્રીમિયમની ગણતરી, વીમાની રકમ અને લોન લીધેલ ખેડૂતને લોનની માહિતી પણ પૂરી પાડશે. મોબાઇલ એપ્લિકેશન **"એગ્રીમાર્કેટ મોબાઇલ"** મોબાઇલ ઉપકરણના ૫૦ કિ.મી.ના ત્રિજ્યામાં આવેલા વિસ્તારમાં આવેલ કૃષિ ઉત્પાદ્ન બજારના પાકોના પ્રવર્તમાન બજાર ભાવો મેળવવા તેમજ દેશના અન્ય બજારમાં પ્રવર્તમાન બજાર ભાવ જાણવા માટે પણ ખેડૂતો તેનો ઉપયોગ કરી શકાશે.

મોબાઇલ એપ્લિકેશનની લાક્ષણિકતાઓ:

પાક વીમા મોબાઇલ એપ્લિકેશન

પાક વીમા મોબાઇલ એપ્લિકેશન ખેડૂતોને તેમના વિસ્તારના પાક વીમા વિશે સંપૂર્ણ માહિતી મેળવવા માટે મદદ કરશે. પરંતુ તે ઉપરાંત સૂચિત પાક માટે વીમા પ્રીમિયમની ગણતરી, વીમાની રકમ અને લોન મેળવેલ ખેડૂતના લોનની રકમ અંગેની માહિતી પણ પૂરી પાડશે. આ ઉપરાંત, તેનો ઉપયોગ સામાન્ય વીમાની રકમ, વિસ્તૃત કરેલી વીમાની રકમ, પ્રીમિયમની માહિતી, જે તે વિસ્તારમાં કોઇ પણ સૂચિત પાક માટે સબસિડી અંગેની માહિતી જેવી માહિતી મેળવવા માટે પણ કરી શકાશે.

એગ્રી માર્કેટ મોબાઇલ એપ્લિકેશન

ખેડૂતોને ક્યારેક સાચી બજાર માહિતીની જાણકારીના અભાવમાં અને નાણાંકીય સમસ્યાઓના કારણે ઉત્પાદનનું આયાત વિક્રી કરવી પડતી હોવાથી આર્થિક નુકસાન સહન કરવું પડે છે. તેઓ તેમના ઉત્પાદ્નોના વેચાણ ક્યા બજારમાં કરવા તે માટે પોતાની આસપાસના બજારમાં ચાલી રહેલા ભાવો વિશેની માહિતી મેળવી શકે છે અને તે રીતે ઉત્પાદનના વેચાણના નિર્ણય લઇ શકે છે. આ મોબાઇલ એપ્લિકેશન તેમને આસપાસના બજારોની કિંમતોને તેમની સાથે રાખવાના હેતુથી વિકસાવવામાં આવી છે. ૫૦ કિ.મી. ના વિસ્તારમાં આવતા જે તે બજારોમાં ઉત્પાદનના બજાર ભાવો જાણવા માટે ખેડૂતો એગ્રી માર્કેટ મોબાઇલ એપ્લિકેશન વાપરી શકાશે.



આ એપ્લિકેશન મોબાઇલ વાપરનાર ખેડૂતનું સ્થાન આપોઆપ જીપીએસથી મેળવે છે અને ૫૦ કિ.મી.ના વિસ્તારમાં આવતા જે તે બજારમાં ઉત્પાદનના ભાવ મેળવી શકે છે. ખેડૂત જીપીએસનો ઉપયોગ કર્યા વિના કોઇ પણ બજારમાં કોઇ પણ ખેત ઉત્પાદનનો ભાવ જાણવા માટેના બીજા વિકલ્પ પણ છે. ખેડૂતો પ્રવર્તમાન ભાવોની માહિતી એગમાર્કનેટનાં ઉપરથી મેળવી શકાશે.

આ બંને એપ્લિકેશન્સ કૃષિ, સહકાર અને ખેડૂતોના કલ્યાણ વિભાગની આઇટી શાખા દ્વારા વિકસાવવામાં આવેલ છે અને તે Google Store અથવા mKisan પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાય છે (http://mkisan.gov.in/Default.aspx).

# શિયાળામાં ગરમીથી સતત બીજા વર્ષે ઘઉંનું ઓછું ઉત્પાદન


ભારત વિશ્વમાં ઘઉંના ઉત્પાદનમાં બીજા ક્રમનો સૌથી મોટો ઉત્પાદ્ક દેશ છે. બીજા વર્ષે સતત શિયાળામાં અસામાન્ય સૂકા અને શિયાળાની ગરમીને કારણે ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો થશે અને તે ૯૦ મિલિયન ટનથી નીચે જવાની સંભાવના છે. વર્ષ ૨૦૧૪-૧૫ માં નબળુ ચોમાસુ અને ફેબ્રુઆરી-માર્ચમાં કમોસમી વરસાદ્ને કારણે ઘઉંનું ઉત્પાદ્ન ૮૮.૯૫ મિલિયન ટન થયુ હતુ જ્યારે તેનાં અગાઉના વર્ષે ઘઉંનું ઉત્પાદ્ન ૯૫.૮૫ મિલિયન ટન થયુ હતું. ઘઉં મુખ્યત્વે રવિ (શિયાળુ) પાક છે અને તેનું વાવેતર, ઓક્ટોબર મહિનાથી અને લણણી એપ્રિલ મહિનાથી શરૂ થાય છે.

કૃષિ મંત્રાલયના આંકડા અનુસાર ઘઉંના વાવેતર હેઠળના વિસ્તારમાં આગળના વર્ષનાં ૨૯.૩૧ મિલિયન હેક્ટરની સરખામણીમાં ચાલુ વર્ષે ૨ મિલિયન હેક્ટર જેટલો ઘટાડો થતા તે ડિસેમ્બરના અંત સુધીમાં ૨૭.૧૭ મિલિયન હેક્ટરની આસપાસ થવાનો અંદાજ છે.

ઘઉંના વાવેતર હેઠળના વિસ્તારમાં ૨ મિલિયન હેક્ટર જેટલો ઘટાડો મતલબ કે દુષ્કાળ વર્ષ ૨૦૧૪-૧૫ ની ઘઉંની સરેરાશ ઉત્પાદ્કતા જો ૨.૯ મિલિયન ટન પ્રતિ હેક્ટર ગણીએ તો અંદાજે ઘઉંના ઉત્પાદ્નમાં ૬ મિલિયન ટન જેટલો ઘટાડો થવાનો અંદાજ છે.

શરૂઆતમાં ઉંચુ તાપમાન ઘઉંના પાકની ઉત્પાદકતામાં ઝડપી પરિપક્વતા લાવે છે. આથી પાકની ઉત્પાદ્કતા ઘટે છે. આ મહિનાના સારા વરસાદે તાપમાનમાં ઘટાડો કરીને પાકની ઉત્પાદ્કતા વધારવામાં મદ્દ કરશે. હાલમાં ઘઉંના વાવેતર હેઠળના વિસ્તારમાં સામાન્ય કરતાં વધુ તાપમાન રહેવા પામેલ છે. ખાસ કરીને પશ્ચિમ ભારતના મધ્ય પ્રદેશ, ગુજરાત અને રાજસ્થાન રાજ્યના કેટલાંક ભાગમાં હવામાનમાં ભેજની તંગી જોવા મળેલ છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર જૂન-સપ્ટેમ્બર મહિનામાં નૈઋત્યના ચોમાસાની ઋતુમાં ૧૪ ટકા જેટલો આછો વરસાદ હોવાને કારણે અને ઓક્ટોબર-ડિસેમ્બર મહિનામાં ઉત્તર-પૂર્વીય ચોમાસાની ઋતુમાં ૨૩ ટકા જેટલો આછો વરસાદ હોવાને હોવાને કારણે તાપમાનમાં વધારો થયેલ છે.






## સ્ટાર એગ્રીઃ કૃષિ કાપણી પછીના વ્યવસ્થાપન  માટેના ઉકેલો

વધતી જતી અનાજની કટોકટી એ વશ્વિક અનાજના પુરવઠા સાંકળની સમતુલાને ખેરવી નાંખે છે. કૃષિ ક્ષેત્રનું મજબૂતીકરણ, ખેડૂતોને જાગૃત કરવા અને અનાજ સુરક્ષાની સમસ્યાના ટકાઉ અને સક્ષમ ઉકેલ માટે કૃષિ ઉત્પાદ્નોમાં મૂલ્ય વૃદ્ધિ થાય તે ઘણું મહત્વનું છે. આજે આધુનિક કૃષિ કાપણી પછીના વ્યવસ્થાપન તકનિકનો અભાવ, અપૂરતી સંગ્રહ વ્યવસ્થા અને કૃષિ કાપણી પછીના વ્યવસ્થાપનની પ્રવૃતિઓ વચ્ચેના જોડાણનો અભાવ એ કૃષિ અર્થતંત્રના ચક્રમાં ઊભરતાં ખેડૂતોને જીવન નિર્વાહની મુશ્કેલીમાં નાંખી દે છે. સ્ટાર કૃષિ એ આ જટિલ અવરોધને સંબોધવા માટેના જરૂરી અનુકૂળ ઉકેલો પૂરા પાડે છે. સ્ટાર કૃષિની વ્યૂહરચના વેરહાઉસિંગ પાસેથી લાંબા સમયના ધિરાણની પ્રાપ્તિ અને પરીક્ષણ માટે કૃષિ કાપણી પછીના વ્યવસ્થાપનોની સમગ્ર સાંકળનો સમાવેશ કરે છે. તે એક સ્થિતિસ્થાપક સંકલિત એગ્રીબિઝનેસ મોડેલ તૈયાર કરવા માટે છે. આ વ્યવસ્થા સુયોજિત ઉદ્યોગ સાહસિકો અને પોસ્ટ હાર્વેસ્ટ ચક્ર દરમ્યાન તેનો વ્યાપ વધારવા માટેની એક તક પૂરી પાડે છે.

સ્ટાર કૃષિ- એ વૈશ્વિક મહત્વાકાંક્ષા સાથેની એશિયાની અગ્રણી પોસ્ટ હાર્વેસ્ટ સોલ્યુશન્સ કંપની છે. ઉત્પાદકો અને ખરીદદારો એમ બંનેની પોસ્ટ હાર્વેસ્ટ જરૂરિયાતો પર એક સંકલિત કૃષિ ઉકેલો વ્યૂહરચના સાથે, ભારતની અગ્રણી નાણાકીય સંસ્થાઓ સાથે કંપની સંકલિત છે અને ૨૦૦ કોલેટરલ મેનેજમેન્ટ સ્થળોએ ₹ ૭૫ અબજ મૂલ્યની ચીજવસ્તુઓ ધરાવે છે. તે એક એગ્રી બિઝનેસ અને ગ્રામીણ ક્ષેત્રે પડકારોનો સામનો કરવા અને છેવાડાના ખેડૂત સુધી પહોંચવામાં સક્ષમ તેમજ ઉંડાણપૂર્વક સમજ ધરાવતી ભારતના સૌથી મનપસંદ એગ્રી બિઝનેસ ક્ષેત્રે સેવા કરવા માટે તે સક્ષમ છે. તે ભારતના ૧૬ રાજ્યોમાં ૮૦૦ કરતાં વધારે ગોડાઉન સાથે ૧.૫ મિલિયન ટનની ક્ષમતા સાથે મોટા પ્રમાણમાં ચીજવસ્તુઓ ધરાવતી સુવિધાને કૃષિ આંતરરાષ્ટ્રીય ખરીદદારો, ખોરાક, આરોગ્ય અને એફએમસીજી કંપનીઓ અને કોમોડિટી એક્સચેન્જ બેંકને ગ્રાહક સેવા પૂરી પાડતું ખૂબ જ મોટું નેટવર્ક ધરાવે છે. તેઓ ગોડાઉન, કોલેટરલ ધિરાણ, પ્રોક્યોરમેન્ટ અને મૂલ્યવર્ધિત સેવાઓ સહિત સંકલિત પાક કાપણી પછીના ઉકેલો પહોંચાડવાથી માંડીને સમગ્ર અનાજ સુરક્ષા સાંકળની કાર્યક્ષમતા વધારે છે. આજે, તેઓ સમગ્ર ભારતમાં એક લાખ કરતાં વધુ ખેડૂતો સાથે સીધો સંબંધ ધરાવે છે અને વૈશ્વિક સ્તરે હજુ ઘણા વધુ ખેડૂતો સુધી પહોંચવા માટેનું લક્ષ્ય રાખેલ છે. પહેલાં કરતાં વધુ  ખેડૂતો સાથે સહયોગ સાધી કંપનીનું લક્ષ્ય વધતી જતી વિશ્વની વસ્તી માટે અનાજ સુરક્ષાના ભયાવહ પડકારને સંબોધવાનું છે.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

મોકલનારઃ
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Lajja : 02692-233864

Acknowledged the information used/taken from the public domain